**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૬/૨/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૦૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૪૦૯/૧૫**

**નારણપુરા** : વિજય લક્ષ્મીકાંત પાંડવ (રહે.શાસ્ત્રીનગર પોલીસ લાઈન, શાસ્ત્રીનગર, નવા વાડજ, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૨/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર અભય (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.આર.ધમલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા:-** **સમાચાર યાદી નં.૪૧૦/૧૫**

**વસ્ત્રાપુર** : રમણીબહેન નાનુભાઈ મેનન (રહે,બાલાજી પાર્ક વસ્ત્રાપુર) તા.૨૫/૨/૧૫ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે સંદેસ પ્રેસ રોડ, અગમ ટાવરની સામે, મ્યુ.બગીચાના ગેટ આગળથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રમણીબહેનનાં ગળામાંથી સોનાનો પેંડલ સાથેનો દોરો કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમણીબહેન મેનને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી કીરીટસીંહ કાનાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૧૧/૧૫**

**અમરાઈવાડીઃ** હિનાબહેન રવિન્દ્રભાઇ વાઘેલા (ઉ.વ.૧૮) (રહે.ન્યુ ભવાનીનગર અમરાઈવાડી) એ તા.૨૫/૨/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રતીલાલ કરશનભાઈ ચલાવે છે.

**ઘાટલોડીયા :** પાર્થભાઇ રાજુભાઇ પટેલ (ઉ.વ.૨૩)(રહે, રાધાકુંજ સોસાયટી, કમલ કામધેનુ ઘેલ પાસે મેમનગર) એ માનશીક બીમારીના કારણે તા.૧૩/૨/૧૫ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને પલ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તા.૨૫/૨/૧૫ ના કલાક ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પૃથ્વીસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૧૨/૧૫</u>**

| | |
|---|---|
| **કાલુપુરઃ** બિન્દાબહેન દર્શનભાઈ મોદી (ઉ.વ.૨૪)(રહે.ચોખા વટીયાની પોળ ધના સુથારની પોળ કાલુપુર) તા.૧૦/૨/૧૫ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે.(કાલુપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૧૬૭૫૩૦) |  |
| **દરીયાપુરઃ** નંદકિશોર પ્રતાપસિંહ લોધા (ઉ.વ.૫૦)(રહે.મેણવાસ કુટી મસ્જીદ દરીયાપુર) તા.૧૨/૨/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનો શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. જમણા પગે એડીના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ છે.(દરીયાપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૧૬૧૯૧૩) |  |
| **એલીસબ્રીજઃ** મોહીની બહેન દીપકભાઈ ઠાકોર (ઉ.વ.૨૧) (રહે. ન્યુ પટેલ બીલ્ડીંગની બાજુમાં ઠાકોરવાસ માદલપુર ગામ) તા.૧૯/૨/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કપાળના જમણી બાજુ જુનુ વાગેલાનુ નિશાન છે.ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૦૦૦૭) |  |
| **વટવાઃ** અનિતાબહેન નાગનાથ શ્રાવણ કામળે (ઉ.વ.૨૫) (રહે.સદભાવનાનગર ચાર માળીયા વટવા) તા.૧૪/૨/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. લાલ રંગનુ ટોપ અને લાલ રંગનુ સલવાર પહેર્યુ છે. બન્ને ગાલ ઉપર ખીલના દાઘ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **નવરંગપુરાઃ** શ્વેતાબહેન ઉર્ફે શીતલબહેન ધનરાજ કોડી (ઉ.વ.૧૯) (રહે.કે કોલોની મીઠાખડી ગામ નવરંગપુરા) તા.૨૨/૨/૧૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી બહેનપણીના ઘરે જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. કેસરી રંગનુ ટોપ અને મરુન રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (નવરંગપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૪૪૦૬૯૮) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.